# બૃહદ્ વનજનજીવનનો આલેખ | નવનીત જાની

**['ડુંગરદેવ'** : કાનજી પટેલ, ૨૦૦૬, ગુ.સા.પ., પૃ. ૧૦+૯૪, કિં. રૂ. ૫૦/-]

વનનું સત્ય એટલું જ નક્કર છે જેટલું સત્યની નક્કરતાનું સત્ય. વન્ય પેદાશો, વન્યસંપદા, વન્યપ્રકૃતિ, વન્યજીવન આ બધા શબ્દો વનના સત્યની સાપેક્ષતા રૂપે છે. આ બધું મળીને આપણી સામે આવે છે 'જીવન'. વનના સત્યની અનિવાર્યતા વનના જીવને પામવાના હેતુમાં રહેલી છે. વનના જીવનને પામવાનું માધ્યમ વનમાં વસતા 'માનવ'થી વિશેષ શું હોઈ શકે ? વનમાં વસતા 'માનવ'ને વનથી અભિન્ન કઈ રીતે ગણી શકાય ? એ 'માનવ'ની ભીતરનું વન પણ ઉવેખી શકાય નહીં.

આપણી ભાષાના એક સક્ષમ કવિ કાનજી પટેલે વનના લોકજીવન મિશે વન અને વનજનનું ચિત્રણ 'ડુંગરદેવ'ને આરાધીને આપવાનો આંખે વળગે એવો કાવ્યોદ્યમ કર્યો છે.

'ડુંગરદેવ' કાનજી પટેલનો બીજો કાવ્યસંગ્રહ છે. કુદરત (Nature) અને સભ્યતા (Culture) સંદર્ભે પરાપૂર્વથી ચાલ્યા આવતા વિવાદોમાં વન અને ક્ષેત્ર વચ્ચેનો વિરોધ જાણીતો છે. કુદરત પ્રકૃતિયુક્ત છે, સ્વાભાવિક છે અને સભ્યતામાં સભાનપણે રચાયેલી, ઘડાયેલી સંસ્કૃતિ છે. સર્જકની નજરે જ્યારે આ બંને વચ્ચે ભિન્નતા પડે કે એમાંની અભિન્નતાની શોધ માંડે ત્યારે સર્જકની ચેતનામાંથી ચળાઈને આવતો 'માનવ' ભાવકની ચેતનામાં પ્રશ્નો, સંઘર્ષ, નિર્ભ્રાંતિ પ્રગટાવે છે. આ કવિની કવિતા એ રીતે અરૂઢ છે કે એમાં આદિવાસી મનુષ્યનો એના પૂરા સમાજસમેતનો વન સાથેનો સંબંધ, પ્રકૃતિ અને સંસ્કૃતિ સંદર્ભે ચિત્રણ પામ્યો છે. આદિવાસી જનની સ્વાતંત્ર્ય છબિ, એનું અંતરંગ, એની અભિવ્યક્તિ, પરંપરા, જીવનરીતિ, તેમનાં સંસાધનો અને અન્ય સમાજો સાથેનો એમનો દષ્ટિકોણ રસપ્રદ આલેખન પામ્યાં છે.

'ડુંગરદેવ'માં ૭૪ કાવ્યો છે. પ્રસ્તાવનામાં રઘુવીર ચૌધરીએ કહ્યું છે તેમ, 'પર્યાવરણ અને પુરુષ, દેવ અને આત્મા વચ્ચે અહીં અભેદ છે.' વિષયવસ્તુ સંદર્ભે આ કવિતાઓ લોકધર્મી, લોકભાષાધર્મી જણાય. આમ પણ 'લોક'ને બાદ કરી સાહિત્યતત્ત્વને જોવું અસંભવિત છે. સાહિત્યમાં 'લોક'નો અનુભવ મનુષ્યની સમગ્રતાને લઈને છે, જે ન તો સત્તાનો વિરોધ ઉપસાવે છે ન તો સમર્થન. રાજ રીતિનીતિથી 'લોક'ને જોવું અને કવિદષ્ટિએ 'લોક'ને જોવું એમાં લાખ ગાડાંનો ફેર. કવિ પ્રચારક નથી એથી જ એનો 'રાનરવ' 'રવ' જેટલો જ સહજ અને 'રાન' જેટલો નૈસર્ગિક. 'ડુંગરદેવ'માં કવિએ 'રાનલોક'નો સંવાદ એના યથોચિત નિસર્ગરૂપમાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. અહીં નિરૂપણમાં વસ્તુનિષ્ઠ અભિગમ ભારઝલ્લો લાગે, પરંતુ લૌકિક ઉપાદાનોને સ્મૃતિસાહચર્યોની તોલે ચડાવી કવિતા રચવાનો ઉપક્રમ એને બહુ મહત્ત્વ આપતો નથી.

સંગ્રહનું પ્રથમ કાવ્ય 'કળ' (ધરતી) ધરાઉત્પત્તિકથા રજૂ કરે છે. ધરતીને એનું અસ્તિત્વ આપવા કાચબાજીને વિનંતી કરવામાં આવી, ભમ્મરજીને કહેવામાં આવ્યું, બળિયાજી વહારે ધાયા, ધરતીના પાંચ ખંડ થયા, નવ દરિયા થયા ને નામ પડ્યાં. આ વિભાજનમાં 'કળ' પર આધિપત્ય સ્થપાતાં 'કળ'નું મૂળ રૂપ ક્યાંય ગુમાઈ ગયું.

**'આ કળ અમારી**
**નામો પાડો**
**તેડો અહીંના તહીંના**
**પછી કળ તમારી'**

'મેળામાં આવજો' મેળાની ઉત્પત્તિકથા માંડે છે. કુદરતનિર્મિત આકાશ, રાત, પંખી, ધરતી, વન, મેદાન, પર્વત, નદી, નર, નારીમાં દરેકની ઇચ્છાપૂર્તિ પ્રમાણેનો અવકાશ સાંપડ્યો. હોવું સાર્થક બન્યું. માણસને વાણી મળી, વહેવાર મળ્યો અને માણસજાતે એ સિવાય જે નિર્મ્યું એ આપણી સંસ્કૃતિનો પ્રથમ અધ્યાય હતો.

આ ઉદ્ગારોમાં સંસ્કૃતિનું મૂળ તો સાંપડે જ છે, માનવપ્રકૃતિનું મૂળ પણ મળે છે. રંગ કરનારો નાચગાન કરનારો, મેળો માણનારો માનવ 'મૂળભૂત માનવ' છે, આદિ માનવ છે. અહીં ભદ્ર માણસની રગ નથી. ભદ્ર માણસ તો નિસર્ગની સુધરેલી આવૃત્તિ, એમાં મેળો ક્યાંથી ?

મરણ વેળા 'કસબવેલ' છાજિયાં શીખતી વખતે કોને ખબર હતી કે –

**'ખરામાં ઘણું સાંભરે**
**નવી કડીઓ જાગે.'**

નાનપણમાં જેની રમત રમ્યા હતા એ સાગનાં પાંદડાં, કાળી ચીકણી ગાર, મર્યાનો વેશ, હરખે કરેલાં રૂંગાં મોટપણે કોઈ કામનાં નથી, કેમકે,

**'આજે આ ઉજ્જડ વસતિમાં**
**બધી ગાર પોઢી**
**મારા એકેય જીવતાં નથી**
**હુંય મૂઈ**
**તુંય મૂઓ, આ કસબ મૂઆ.'**

કાવ્યમાં અપેક્ષિત તિર્યકરીતિ કાનજી પટેલને સહજસાધ્ય છે, અરૂઢ પ્રતીકો એમને સહજ પ્રાપ્ય છે. 'પીટ્યા' કાવ્યમાં આદિવાસી પરંપરાનાં છાજિયાંનો કસબ ધીમેધીમે લુપ્ત થઈ રહ્યો છે ત્યારે 'ઉજ્જડ વસતિ' કે 'બધી ગાર પોઢી' જેવી સ્થિતિમાં કશું પણ ટકે એમ નથી એની પીડા નાનીસૂની નથી. કવિને એક એવા લોકજીવનની વાત કરવી છે – વધુ તો કાવ્યવિષય એક એવું લોકજીવન છે જેની પ્રકૃતિ, આકૃતિ, ભાવાનુભૂતિ-અભિવ્યક્તિ નોખાંનિરાળાં છે.

'વાવડ' દીર્ઘરચના વન્યલોકજીવનના જીવંત દસ્તાવેજ સમી છે. પરિશ્રમભર્યા જીવનનો એક સ્વાદ હતો. ભલે પસીનાતર ખારો પણ એમાં નિતાંત ખુશીનું ગળપણ હતું. પ્રકૃતિનાં તમામ તત્ત્વો આ સ્વાદ અનુભવતાં. એમાં સાગમટો દુકાળ પડ્યો, બેઠાં ઘાટનાં ઘર ભાંગ્યાં, જવારાની ધૂણીમાં ઉબેટ થયું. આવી સ્થિતિમાંય લોકજીવન એકધારી ગતિમાં વહી રહ્યું. એ જ જોશ, એ જ આશાઉત્સાહ.

**'પાટા પુરાવીએ**
**ગાવંત્રી માંડીએ**
**કહો કોયડા**
**એ જ હલક હૈયાથી બાંધો ઉકેલો આ જીવનની અડક.'**

પ્રતિકૂળ પરિસ્થિતિમાંય પોતાની જીવનરીતિ સાથે કોઈ બાંધછોડ કરવા ન ઇચ્છે એમાં પોતાની સંસ્કૃતિ-પ્રકૃતિનું રખોપુંય જોવું રહ્યું. 'લોઢી રાતીચોળ છે' આદિવાસી જીવનની ત્રાસદી

રજૂ કરે છે. કાળી મજૂરી કરી તૂટી જતો આદિવાસી શું પામે છે ?

**'મોશેટી (અનાજની કોઠી)ના બુંધે જાળાં બાઝ્યાં છે**
**કથરોટ ખાલી છે**
**લોઢી રાતીચોળ છે'** (પૃ. ૧૬)

આ સમસ્યાએ આદિવાસીને હંમેશાં સામે કાંઠે રાખ્યો છે. એનો આક્રોશ ઉમાશંકર જોશીના 'ભૂખ્યા જનોના જઠરાગ્નિ' સાથે તાલ મેળવે છે.

**'ઠરવાની આશ કંઈ નવી નથી**
**ન ઠરવાની આગ ઘણી ઘણી જૂની છે,**
**તોય દુનિયા ભૂખને જાણતી નથી**
**હોજરી માંહોમાંહ પજળે છે**
**એકેએક હોજરીને**
**ભવમાં એક વાર એવી ભૂખ મળજો.'**

આ આદિવાસી જીવનની વિપદા છે. તાવમાં કાંપતું છાપરું છે, વખના એકડા છે, સીધા લાકડે વાંકો વે છે, શમણામાં નામ અને બહાર વસ છે.

કવિ આદિવાસી લોકજીવનનો ચિતાર એવી જ – એની જ ભાષામાં આપે છે, ત્યારે પ્રતીતિજન્ય વસ્તુસ્થિતિને ઓર વળ ચડે છે. આ ભાષા વનજનની સંવેદનાથી મંડિત છે. આદિવાસી બોલીના શબ્દો (અંજોડાની રેડ્ય, રેડ્ય કતરી ઘડી ?, અમું આંકૂજ્યે, દન્યોમેં કિમ ના સોંટે ?), રૂઢિપ્રયોગો, રીતરિવાજોના વિશિષ્ટ શબ્દો આ કાવ્યોની મોંઘી મિરાત છે. કવિની ભાષા શબ્દકોશને ગાંઠે એવી નથી. શબ્દ બહારની અભિવ્યક્તિ-સંવેદનામાં શબ્દ પોતાનો અસલ સ્વાદ જાળવી રાખી કવિકર્મને ઉપસાવે છે. કવિનો કથનપટ જેટલો વિશાળ છે એટલો જ હર્યોભર્યો છે. માત્ર અછાંદસનો મોહ છોડી કવિ ગીતકવિતામાંય પોતાના સર્જનને વિલસવા દે છે. પ્રકૃતિનાં આદિમતત્ત્વોને એની નિજી અભિવ્યક્તિ છે. આ અભિવ્યક્તિમાં 'માણસગીરી'ના પ્રમાણ જેટલું જ 'વનગીરી'નું પ્રમાણ છે. માણસ પણ વનજીવના પ્રતીક રૂપે છે. કવિએ આ સંગ્રહનાં કાવ્યો દ્વારા એટલી પ્રતીતિ તો ચોક્કસ કરાવી છે કે એમની ચેતના બૃહદ્‌વનજીવનને તાકે છે.